Accredited Grade "A" by NAAC
(3rd Cycle)

# SAURASHTRA UNIVERSITY
Academic Section
University Campus, University Road, Rajkot – 360005
Phone No.: (0281) 2578501 Ext. No. 202 & 304 / FAX No.: (0281) 2576347
E-mail Id: academic@sauuni.ac.in

નં.એકે/ ૪૯૨ /૨૦૨૦

તા. ૧૪-૧૦-૨૦૨૦
સત્રવ્યવસ્થા (યુ.જી./પી.જી.)

વંચાણે લીધા :-
(૧) ગુજરાત સરકારશ્રીનાં શિક્ષણ વિભાગનાં પરિપત્ર ક્રમાંક પરચ/૨૦૧૮/૬૧/ખ-૧ તા. ૧૨-૧૦-૨૦૨૦

## એકેડેમિક કેલેન્ડર ૨૦૨૦ - ૨૧ (યુ.જી./પી.જી.માટે)

પરિપત્ર:-

આથી યુનિવર્સિટી સંલગ્ન સર્વે કોલેજોના સંલગ્ન આચાર્યશ્રીઓ, યુનિવર્સિટી અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ, માન્ય સંસ્થાઓના વડાઓને જણાવવામાં આવે છે કે, અત્રેની યુનિવર્સિટીની વિનયન, વિજ્ઞાન, શિક્ષણ, ગૃહવિજ્ઞાન, ગ્રામવિદ્યા, કાયદા, બિઝનેશ મેનેજમેન્ટ, વાણિજ્ય તથા પરફોર્મિંગ આર્ટસ (મેડીકલ, હોમિયોપેથી, આર્કિટેક્ચર, અને ફાર્મસી વિદ્યાશાખા સિવાય) વિદ્યાશાખાના અભ્યાસક્રમો માટે શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ની સત્ર વ્યવસ્થા (એકેડેમિક કેલેન્ડર) UGC / રાજ્ય સરકારશ્રી / અત્રેની યુનિવર્સિટીના ઉપર મુજબના ઠરાવો અન્વયે નીચે મુજબ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

આ સાથે શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ માટે એકેડેમિક કેલેન્ડર નીચે મુજબનું રહેશે. જેની નોંધ લેવા તથા અમાલાર્થે...

| ક્રમ | વિગત | દર્શાવેલ સમયગાળામાં અનુસરવાની કાર્યવાહી |
|---|---|---|
| ૧ | પ્રથમ સત્ર (UG Sem. 3 & 5 તથા PG Sem.3)<br>પ્રથમ સત્ર(UG / PG સત્ર 1)<br>પ્રથમ સત્ર (Professional Courses) | તા. ૦૧/૧૨/૨૦૨૦ સુધીમાં પૂર્ણ કરવું<br>તા. ૧૫/૦૨/૨૦૨૧ સુધીમાં પૂર્ણ કરવું<br>તા. 30/03/૨૦૨૧ સુધીમાં પૂર્ણ કરવું |
| ૨ | કોલેજો / ભવનોનું આંતરિક મુલ્યાંકન | આંતરિક મુલ્યાંકન અથવા સતત મુલ્યાંકન (સતત મુલ્યાંકન એટલે કે વીકલી ટેસ્ટ, પ્રોજેક્ટ વર્ક, ગ્રુપ ડિસ્કશન વિગેરે) થી લેવી. |
| 3 | દિવાળી વેકેશન | તા. ૦૬/૧૧/૨૦૨૦ થી તા. ૧૮/૧૧/૨૦૨૦ સુધી (Proposed) |
| ૪ | દ્વિતીય સત્ર (UG Sem. 4 & 6 તથા PG Sem.4)<br>દ્વિતીય સત્ર (UG/PG સત્ર 2)<br>દ્વિતીય સત્ર (Professional Courses) | તા. ૧૫/૦૫/૨૦૨૧ સુધીમાં પૂર્ણ કરવું<br>તા. 30/૦૫/૨૦૨૧ સુધીમાં પૂર્ણ કરવું<br>તા. ૦૧/૦૮/૨૦૨૧ સુધીમાં પૂર્ણ કરવું |
| ૫ | કોલેજો / ભવનોનું આંતરિક મુલ્યાંકન | આંતરિક મુલ્યાંકન અથવા સતત મુલ્યાંકન (સતત મુલ્યાંકન એટલે કે વીકલી ટેસ્ટ, પ્રોજેક્ટ વર્ક, ગ્રુપ ડિસ્કશન વિગેરે) થી લેવી. |
| ૬ | નવું શૈક્ષણિક સત્ર ૨૦૨૧-૨૨ | તા. ૦૧/૦૭/૨૦૨૧ સુધીમાં શરૂ કરવું |

- વિદ્યાર્થીઓ માટે આંતરિક મૂલ્યાંકન ફરજીયાત છે પણ આંતરિક પરીક્ષા લેવાની રહેશે નહીં. સેમેસ્ટર પધ્ધતિનાં માળખામાં આંતરિક અને યુનિવર્સિટી પરીક્ષાઓનાં ગુણનું પ્રમાણ 30:70 (જ્યાં જે લાગું પડતું હોય તે મુજબ) રાખવામાં આવેલ છે. જે કોલેજ / ભવન / સંસ્થા દ્વારા આંતરિક પરીક્ષા લઇ લીધેલ છે તેઓએ તે મુજબ મૂલ્યાંકન કરવાનું રહેશે.

- ઉપર જણાવેલા સત્રોની તથા આંતરિક મૂલ્યાંકનની ગોઠવણી વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય, શિક્ષણ, ગૃહવિજ્ઞાન, ગ્રામવિદ્યા, કાયદા, બિઝનેશ મેનેજમેન્ટ તથા પરફોર્મિંગ આર્ટસ વિદ્યાશાખા (મેડીકલ, હોમિયોપેથી, આર્કિટેક્ચર અને ફાર્મસી વિદ્યાશાખા સિવાયની) ની સંલગ્ન કોલેજો/ભવનોને તેમજ બી.બી.એ. / બી.સી.એ. કોલેજોને પણ લાગુ પડે છે.

- પ્રથમ સત્રમાં અધ્યાપન કાર્ય મોટેભાગે Online માધ્યમથી કરવાનું રહેશે. વિદ્યાર્થીઓની જરૂરિયાત મુજબ પ્રેકટીકલ / Hand On અને અન્ય માર્ગદર્શન માટે COVID - 19 ની SOPનું પાલન કરીને કોલેજ / ભવન / અધ્યાપક સાથે સંકલન કરીને આવી શકશે. દ્વિતીય સત્રમાં Online / Offline / Blended Teaching જરૂરિયાત મુજબ કરવાનું રહેશે.

- યુનિવર્સિટી પરીક્ષા Online / Offline / Blended માધ્યમથી લેવાશે.

- વિદ્યાર્થીઓ અને સંલગ્ન સર્વેશ્રીઓએ પણ COVID - 19 ની ગાઇડલાઇનનું પાલન કરવાનું રહેશે.

- પ્રાયોગિક કાર્યો તા. 15/10/2020 પછી 15 - 20 વિદ્યાર્થીઓની Batches માં શરૂ કરી શકાય.

- જે અભ્યાસક્રમો/વિદ્યાશાખાની પ્રવેશ પ્રક્રિયા રાજ્ય સરકારશ્રી દ્વારા અથવા યુનિવર્સિટી દ્વારા નિયુક્ત પ્રવેશ સમિતિઓ દ્વારા કરવામાં આવે છે તેવા અભ્યાસક્રમ/વિદ્યાશાખાઓનું એકેડેમિક કેલેન્ડર સંબંધિત વિદ્યાશાખાના ડીનશ્રી દ્વારા રજૂ થયા બાદ પ્રસિધ્ધ કરવામાં આવશે.

- યુ.જી.સી. તથા રાજ્ય સરકારશ્રીના વખતોવખતના આ બાબત પરત્વેના ઠરાવોને ધ્યાને લઈ વિનયન, વિજ્ઞાન, શિક્ષણ, ગૃહવિજ્ઞાન, ગ્રામવિદ્યા, કાયદા, બિઝનેશ મેનેજમેન્ટ, વાણિજ્ય તથા પરફોર્મિંગ આર્ટસ (મેડીકલ, હોમિયોપેથી, આર્કિટેક્ચર, અને ફાર્મસી વિદ્યાશાખા સિવાય) વિદ્યાશાખાના અભ્યાસક્રમો માટે ઉપર મુજબની સત્રવ્યવસ્થા નિયત કરેલ છે જેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

Accredited Grade "A" by NAAC
(3rd Cycle)

**SAURASHTRA UNIVERSITY**
**Academic Section**
University Campus, University Road, Rajkot – 360005
Phone No.: (0281) 2578501 Ext. No. 202 & 304 / FAX No.: (0281) 2576347
E-mail Id: academic@sauuni.ac.in

- જે વિદ્યાશાખાઓ અભ્યાસક્રમોમાં કેન્દ્રિય/રાજ્ય સરકારશ્રીએ મધ્યસ્થ પ્રવેશ સમિતિ દ્વારા પ્રવેશની જોગવાઈ કરેલ છે તેવા તબીબી, ડેન્ટલ, ફિઝીયોથેરાપી, નર્સિંગ, ફાર્મસી, હોમિયોપેથી, આર્કિટેક્ચર, શિક્ષણ તથા વિજ્ઞાન વિદ્યાશાખાના એમ.સી.એ., બિઝનેશ મેનેજમેન્ટ વિદ્યાશાખાના એમ.બી.એ. તેમજ અન્ય અભ્યાસક્રમોની સત્રવ્યવસ્થા પ્રવેશ પ્રક્રિયા થયા બાદ યુ.જી.સી. તથા રાજ્ય સરકારશ્રીના વખતોવખતના આ બાબત પરત્વેના ધોરણો/નિયમો/ઠરાવોને ધ્યાને લઈ જે તે વિદ્યાશાખાના ડીનશ્રી સૂચવે તે મુજબ સત્રવ્યવસ્થા નિયત કરવામાં આવશે અને તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

-સહી-
(ડૉ. જે. એચ. સોની)
I/C. કુલસચિવ

(મુસદો માન. કુલસચિવશ્રીએ મંજૂર કરેલ છે.)

- રવાના કર્યુ -
એકેડેમિક ઓફિસર

પ્રતિ,
(૧). યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ / યુનિવર્સિટી અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ, માન્ય સંસ્થાઓના વડાઓ

<u>નકલ સાદર રવાના:-</u>
૧. માન. કુલપતિશ્રી/ માન. ઉપકુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

<u>નકલ રવાના (યોગ્ય કાર્યવાહી અર્થે) :</u>
૧. સર્વે વિદ્યાશાખાના ડીનશ્રીઓ
૨. પરીક્ષા નિયામકશ્રી (ઈ-મેઈલનાં માધ્યમથી)
૩. સર્વે વિભાગના વડાઓ
૪. એડવાઇઝરશ્રી, નોલેજ કોન્સોરટીયમ, અમદાવાદ, ગુજરાત
૫. નિયામકશ્રી, આઈ.ક્યુ.એ.સી., સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ
૬. ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી, ઉ.શિ. કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર
૭. નિયામકશ્રી, કોમ્પ્યુટર સેન્ટર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવા સારૂ